# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## જા.ક્ર.: ૩૯૯/૨૦૨૫૨૬, સ્ટાફ નર્સ (આયુર્વેદ),વર્ગ–૩, સંવર્ગ

## (દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી ઝુંબેશ)

## ફાઈનલ આન્સર કી (FAK) પ્રસિદ્ધ કરવા અંગેની અગત્યની સૂચના

સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળના નિયામકશ્રી, આયુષની કચેરી હસ્તકની સ્ટાફ નર્સ (આયુર્વેદ), વર્ગ–૩ સંવર્ગની કુલ–૧૦ જગ્યા (માત્ર દિવ્યાંગ ઉમેદવારો) માટે મંડળ દ્વારા દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી ઝૂંબેશ (**S.R.D.**) હેઠળ પ્રસિધ્ધ કરાયેલ જા.ક્ર.:૩૯૯/૨૦૨૫૨૬ અંતર્ગત **CBRT** પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા તા.૨૧/૦૮/૨૦૨૬ ના રોજ યોજવામાં આવેલ હતી. આ પરીક્ષામાં **Part - A** માં ૯૦ પ્રશ્નો અને **Part - B** માં ૧૨૦ પ્રશ્નો મળીને કુલ–૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવેલ હતા. જેની પ્રોવિઝનલ આન્સર કી **(PAK)** તા.૨૪/૦૮/૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.

ઉમેદવારો દ્વારા પ્રોવિઝનલ આન્સર કી સામે વાંધા સૂચનો રજુ કરવામાં આવેલ ન હતા. પરંતુ મંડળ દ્વારા તમામ ૨૧૦ પ્રશ્નોની વિષય નિષ્ણાંતશ્રીઓ પાસેથી કરાવાયેલ પુન:ચકાસણી અન્વયે **Part – A** અને **Part - B** નાં કોઈ પણ પ્રશ્નના જવાબમાં સુધારો કરવાનો રહેતો નથી.

ઉપરોક્ત બાબતો અન્વયે ઉમેદવારોને **Part - A** માં કુલ–૯૦ પ્રશ્નો માટે કુલ–૯૦ માર્કસ મુજબ પ્રતિ પ્રશ્નના સાચા જવાબ માટે **+1.0** માર્કસ ગણવામાં આવશે અને પ્રત્યેક ખોટા જવાબ માટે **-0.25** માર્કસ કાપવામાં આવશે.

જ્યારે **Part - B** માં કુલ ૧૨૦ પ્રશ્નો માટે કુલ–૧૨૦ માર્કસ મુજબ પ્રતિ પ્રશ્નના સાચા જવાબ માટે **+1.0** માર્કસ ગણવામાં આવશે અને પ્રત્યેક ખોટા જવાબ માટે **-0.25** માર્કસ કાપવામાં આવશે. જેની સંબંધિત ઉમેદવારોને નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

**સ્થળ: ગાંધીનગર** — **સચિવ**

**તારીખ: ૧૪/૦૯/૨૦૨૬** — **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**